

# બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીમાં અભ્યાસ કરતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનું ઝળહળતું પરિણામ

ગાંધીનગર, તા. ૧૮
બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી વર્ષ દરમિયાન અનેક પ્રકારની ઈત્તર પ્રવૃત્તિઓની સાથે સાથે અભ્યાસકીય પ્રવૃત્તિઓમાં પણ હંમેશા અગ્રેસર રહેતી હોય છે. કોવીડ-૧૯ ની મહામારીને કારણે જી.ટી.યુ. દ્વારા આ વર્ષે ૮ માં સેમેસ્ટર સમર-૨૦૨૦ ની પરીક્ષા ઓનલાઈન મોડ માં લેવામાં આવી હતી. ફેઝ-૧ અને ફેઝ-૨ પરીક્ષાના પરિણામમાં બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજીના અનેક વિદ્યાર્થીઓ ૧૦માંથી ૧૦ એસ.પી.આઈ. સાથે ઉતીર્ણ થયા છે જે એક અનોખી સિદ્ધિ કહેવાય. આ ઉપરાંત સંસ્થામાં અભ્યાસ કરતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ જેવા કે કુંડા કેનીથ, રૂટેન્ડો, સિન્હા સ્વેતા, એરિક, મુક્યાલા પેસન્સ અને સૌમિક મલ્લિકે ૧૦ માથી ૧૦ એસ.પી.આઈ. સાથે ઉતીર્ણ થઈ પોતાના વતન અને બાપુ ગુજરાત નોલેજ કેમ્પસનું નામ રોશન કર્યું છે. વિદ્યાર્થીઓની આ અનોખી સિદ્ધિ માં સંસ્થામાં વિદ્યાર્થીઓની અભ્યાસકીય પ્રવુંતીઓને આગળ ધપાવવા, યોગ્ય માર્ગદર્શન આપવા અને વિદ્યાર્થીઓની કારકિર્દી બનાવવામાં હમેશા અગ્રેસર રહેનાર ફેકલ્ટી મિત્રોનો સિંહ ફાળો રહેલો છે.

વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ સંસ્થાના ટ્રસ્ટીભરતસિંહ વાઘેલા અને ડાયરેક્ટર પ્રો. રવિકુમારે સંસ્થાના પ્રિન્સીપાલ ડો.કિંજલ અધ્વર્યુ સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.







# ગાંધીનગર સાહિત્યસભા દ્વારા પ્રત્યક્ષમાં ‘ઘર ઘરની કાવ્ય મહેફિલ’ યોજાઈ ગઈ

ગાંધીનગર, તા. ૧૮
ગાંધીનગર સાહિત્યસભા દ્વારા એની સપ્ટેમ્બર મહિનાની માસિક બેઠક રૂબરૂ મુલાકાત સાથે આયોજિત કરવામાં આવી હતી.




કોરોના વૈશ્વિક મહામારીને કારણે બરાબર છ મહિના પછી પ્રત્યક્ષ મુલાકાત સાથે ‘ઘર ઘરની કાવ્ય મહેફિલ...’ નું આયોજન અધ્યક્ષ સંજય થોરાતના અધ્યક્ષ સ્થાને સોશિયલ ડિસ્ટન્સ અને માસ્કની કાળજી રાખી કરવામાં આવ્યું હતું.

કાવ્ય મહેફિલની શરૂઆત શાસ્ત્રીય યમન રાગ આધારિત સરસ્વતી વંદના દ્વારા પારૂલ મહેતા અને સેજલ વાળાના મધૂર કંઠે કરવામાં આવી હતી. કાવ્ય મહેફિલનું સંચાલન જાણીતા વાર્તાકાર અને કવિ કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાવ્ય મહેફિલમાં નિરંજન શાહ, બાબુભાઈ નાયક, ગુલાબચંદ પટેલ, ઈશ્વરલાલ જોષી, ગિરીશ નિલગીરી, મહેન્દ્રભાઈ રાઠોડ, કેતન નાણાવટી, મનોજ સરૈયા વગેરે ગાંધીનગર સાહિત્યસભાના સભ્યોએ પોતાની સ્વરચિત રચના પ્રસ્તુત કરી હતી. આ ઉપરાંત ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાત અને ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલે પણ પોતાની કાવ્ય પ્રસ્તુતિ કરી હતી.

કાવ્ય મહેફિલનું આકર્ષણ એટલે કવિ પ્રતાપસિંહ ડાભી ‘હાકલ‘ દ્વારા તરન્નુમ રચના અને કવિ કિશોર જિકાદરાએ ગઝલ પ્રસ્તુત કરી સૌની દાદ મેળવી હતી. આ બેઠકમાં નવનિર્મિત કારોબારી પરિચય વિધિ કરવામાં આવ્યો હતો જ્યારે ગાંધીનગર સાહિત્યસભા દ્વારા એનો પ્રથમ દિપોત્સવી અંક પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે એની વિગતવાર માહિતી અધ્યક્ષ સંજય થોરાત દ્વારા આપવામાં આવી હતી.

## જન્મદિને વધામણી


ઉદય વૈષ્ણવ
જનસંપર્ક અધિકારી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય અને કારોબારી સભ્ય, કલ્ચરલ ફોરમ


પ્રદિપભાઈ શાહ
રેડક્રોસ


શકુંતલાબેન મહેન્દ્રલાલ શાહ
ફોન : ૨૩૨૨૯૪૪૭


જાગૃતિ શ્રીકાંત ડોડિયા
મો. ૯૭૧૪૬ ૨૬૪૭૬


વિરાજ શાહ
મો. ૮૧૫૫૯ ૧૦૫૫૯


નવ્યા આશિષકુમાર જોષી
મો. ૯૭૨૨૫ ૧૬૦૨૧


હાર્દિક રાઠોડ


પાર્થ રસિકભાઈ પટેલ
મો. ૯૭૨૩૦ ૧૩૫૦૧


હેત્વી રાજેન્દ્રભાઈ પટેલ

# બીજેએમસી સેમ-૨નાં પરિણામમાં ચીમનભાઈ પટેલ ઈન્સ્ટિટયુટની આઈજેસીનો અદ્ભુત દેખાવ

ગાંધીનગર, તા. ૧૮
ગુજરાત યુનિવર્સિટીએ ૧૭ સપ્ટેમ્બરે જાહેર કરેલા બેચલર ઓફ જર્નલિઝમ એન્ડ માસ કમ્યૂનિકેશનના બીજા સેમેસ્ટરના પરિણામમાં પ્રથમ દસેદસ રેંકર્સ ચીમનભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસની “ઈન્સ્ટિટ્યૂટ ઓફ જર્નલિઝમ અને કમ્યૂનિકેશન (આઈજેસી)નાં હતા. આઈજેસીનું પરિણામ ૧૦૦% આવ્યું હતું. પહેલા સેમેસ્ટરમાં પણ પ્રથમ દસ રેંકમાં આઈજેસીનાં જ અગિયાર વિદ્યાર્થી આવ્યાં હતાં.

ઈન્સ્ટિટ્યૂટની સંચાલક સંસ્થા સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટના વડા અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સિદ્ધાર્થભાઈ સી. પટેલે તમામ યશસ્વી વિદ્યાર્થીઓને અને અધ્યાપકગણને અભિનંદન આપ્યાં હતાં. ઈન્સ્ટિટ્યૂટના નિયામક ડૉ.હરિ દેસાઈએ જણાવ્યું હતું કે જર્નલિઝમ અને માસ કમ્યૂનિકેશનનાં અમારાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સંસ્થા સતત પ્રયત્નશીલ છે. અખબારો, ટીવી ચેનલો, કોર્પોરેટ કમ્યૂનિકેશન અને એડ કંપનીઓ તેમજ સોશિયલ મીડિયા સહિતનાં મીડિયા ગૃહોના સૂત્રધારો અને નિષ્ણાતોના સહયોગથી અમારી સંસ્થા નોખી ભાત પાડવા કૃતસંકલ્પ છે. અમારી સંસ્થામાં દેશનાં વિવિધ રાજ્યો અને વિદેશનાં વિદ્યાર્થીઓ ભણે છે.સંસ્થા અને વિદ્યાર્થીઓનાં વાલીઓ વચ્ચે સેતુ બંધાયેલો છે.

ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ દસ ક્રમે આવેલાં વિદ્યાર્થીઓનાં નામ અને એમના એસજીપીએ આ મુજબ છે: (૧) આચાર્ય અક્ષય ધર્મેન્દ્ર (૮.૬૨), (૨) ભીંડે વૈદેહી ચંદ્રકાંત (૮.૩૦), (૩) કૃપલાની ખુશી નાનક (૮.૨૮), (૪) ગાલા આશિષ જયેશ (૮.૨૧), (૫) પંચોળી રુદ્રી પ્રેમલભાઈ (૮.૧૮), (૬) દહાણુકર સિદ્ધિ સંજય (૮.૧૨), (૭) શેખ કૈફ કૈસર હસીબ અહશાન (૮.૦૬), (૮) પટેલ દ્રષ્ટિ મુકેશભાઈ (૮.૦૫), (૯) પટેલ આહના ઉન્મેશ (૮.૦૨) અને (૧૦) લાલાની રોનક સદરુદ્દીન (૭.૯૦).


ગાંધીનગર ખાતે નિર્મોહી આશ્રમમાં ખીચડી સેવાનું આયોજન ડૉ દિનેશ કાપડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં જાણીતા ધારાશાસ્ત્રી અને સ્પે.પી.પી. અશ્વિન ત્રિવેદી, જાણીતા પત્રકાર મુકેશ પંડ્યા જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે આશ્રમ દ્વારા દર રવિવારે ખીચડી સેવા યોજાય છે જેનું વિતરણ ગરીબ બાળકો અને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં કરવામાં આવે છે.


સેકટર-૨ડી ખાતે કિડ્ઝ હોમટાઉન સ્કૂલ દ્વારા ગ્રીન ડે ની ઉજવણી ઓનલાઈન માધ્યમથી કરવામાં આવી હતી.

# આજે ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે ફેસબુક પેજ પર મેઘાણી વંદના કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮
‘રાષ્ટ્રીય શાયર’ ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી નિમીત્તે Amdavadtakના ફેસબુક પર ૧૯-૯-૨૦૨૦ શનિવારે રાત્રે ૯.૦૦ કલાકે મેઘાણી વંદના - ભાગ ૨ સાહિત્યકાર વસંત ગઢવી તથા સુપ્રસિદ્ધ ગાયક પ્રફુલ દવે પ્રસ્તુત સંસ્મરણોનો ગુલદસ્તો... નિહાળી શકાશે.

મહાત્મા ગાંધીએ જેમને ‘રાષ્ટ્રીય શાયર’ના ગૌરવપૂર્ણ બિરુદથી નવાજેલા તેવા સમર્થ સાહિત્યકાર, લોકસાહિત્યકાર, સ્વાતંત્ર્ય-સેનાની અને સંનિષ્ઠ પત્રકાર ઝવેરચંદ મેઘાણીને કોણ નથી ઓળખતુ...?

‘પહાડનું બાળકલ્ર તરીકે ઓળખાતા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો જન્મ ૨૮ ઑગસ્ટ ૧૮૯૬ (શ્રાવણ વદ પાંચમ : નાગ પંચમી, વિક્રમ સંવત ૧૯૫૨)ના દિવસે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના એ વેળાના ગામને છેવાડે આવેલા અને અઘોરવાસ લેખાતા પોલીસ-બેડાના ક્વાર્ટરમાં થયેલો. બ્રિટિશ કાઠિયાવાડ એજન્સી પોલીસમાં ફોજદાર તરીકે ફરજ બજાવતા પિતા કાળીદાસ દેવચંદ મેઘાણી નીડર અને નેક પુરુષ હતા. પુત્રમાં ઉચ્ચ સંસ્કાર સિંચનાર હતા ધર્મપરાયણ માતા ધોળીમા. કાળીદાસ અને ધોળીમાના આ સંતાનની વાણી-વર્તન સ્વયં રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા હતા.

ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવાઈ રહી છે ત્યારે ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્ય સાથે સંકળાયેલા વિવિધ સ્મૃતિઓ-સંસ્મરણોને સાહિત્યકાર વસંત ગઢવી તથા સુપ્રસિદ્ધ ગાયક પ્રફુલ દવે જયારે કાર્યક્રમ નું સંચાલન શ્રી તુષાર જોશી ‘અમદાવાદ તક’ ફેસ બુક પર ચર્ચા સ્વરૂપે રજૂ કરશે...

# એર ટ્રાફિક કંટ્રોલર ઓફિસરના કાર્ય વિષે સંપૂર્ણ માહિતી આપશો




નમસ્કાર. “કરિયર કોર્નર” કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. હું ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું. મને એર ટ્રાફિક કંટ્રોલર ઓફિસર વિષે માહિતી આપશો. આ ક્ષેત્રમાં કેવા પ્રકારનું કામ હોય છે?**
**- કિશોર વાઘેલા, ગાંધીનગર**

એર ટ્રાફિક કંટ્રોલર ઓફિસર / અધિકારી એ એરપોર્ટની અંદર અને તેની આસપાસ એર ટ્રાફિકની ગતિવીધી પર નજર રાખે છે તેમજ તેને દિશા સુચન કરે છે અને ચોક્કસ હવાઈ માર્ગો પર એરોપ્લેનને એકબીજાથી સુરક્ષિત અંતર રાખવામાં માર્ગદર્શન આપે છે.જો કામગીરીની વાત કરવામાં આવે તો તેઓ એરપોર્ટ પરના તમામ એરોપ્લેનનું સુરક્ષિત આગમન અને પ્રસ્થાનનું સંકલન કરે છે, પાયલોટને વિમાનના સુરક્ષિત ઉતરાણ, ઉડયનને માટે જરૂરી



માર્ગદર્શન આપવા તેઓ રડાર અને અન્ય હાઈ-ટેક સાધનો કરે છે, પાયલોટને વિમાનના સુરક્ષિત ઉતરાણ, ઉડયનને માટે હવામાન, પવન, દ્રશ્યતા, ગતી સબંધી માહિતી આપે છે, એરપોર્ટના ગ્રાઉન્ડ ઉપર રહેલ એર ટ્રાફિક ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખે છે, ગ્રાઉન્ડ ટ્રાફિક મેનેજમેન્ટની નિયત પ્રકિયા અનુસાર પાયલોટને વિમાનના સુરક્ષિત ઉતરાણ, ઉડયનને માટે સુચના આપે છે,એટીસી (એર ટ્રાફિક કંટ્રોલર) ને રડાર પર વિમાનની દેખરેખ રાખવા, પાયલોટ સાથે સંદેશા વ્યાવહાર બનાવી રાખવા અને એરપોર્ટના હવાઈક્ષેત્ર બહાર રહેલ વિમાનને માર્ગદર્શન કરવા પ્રશિક્ષિત કરવામાં આવે છે, એ.ટી.સી દ્વારા સંચાલિત એન-રૂટ કંટ્રોલ સેંટરથી એર ટ્રાફિકને માર્ગદર્શન અને નિયંત્રિત કરવામાં આવી છે, એ.ટી.સી એ એરોપ્લેન સબંધી આપાતકાલિન સ્થિતી સમયે બચાવ ટુકડીને સાવધ / એલર્ટ કરે છે. આ માટે અમુક કુશળતા હોવી જરૂરી છે જેમકે ,ટેકનિકલ બૌધ્ધિકતા, ટીમ સદસ્ય, સમસ્યા હલનાર, નિર્ણય કરનાર, બહુહેતુક કાર્યશિલ, સ્પષ્ટ ઉચ્ચાર અને ભાષા, ધૈય તથા ધિરજ અને અસામાન્ય કલાકો અને પાળીઓ (શિફટ) માં ધ્યાન કેન્દ્રીત કરી કાર્ય કરવાની ક્ષમતાં વગેરે હોવી જરૂરી છે. હવે રોજગારીની તકોની વાત કરીએ તો એરપોર્ટ , ભારતીય, વાયુસેના,ભારતીય નૌસેના, વિમાન ઉત્પાદન વગેરેમાં એકાધિક વિકલ્પો રહેલ છે.આ ક્ષેત્રમાં આગળ વધવા માટે આપ ૧૨ સાયન્સ પછી ઈંડિયન એર ફોર્સ થકી થતી ડાઈરેક્ટ એન્ટ્રી માં ભાગ લઈને તથા સ્નાતક કક્ષાનો કોર્સ કરીને પ્રવેશ કરી શકો છો. શુભેચ્છાઓ, એક ઉજ્જવળ ભવિષ્ય માટે.

**૨. બે.એસ.સી સેમેસ્ટર પાંચમાં અભ્યાસ કરું છું. લેબ ટેક્નિશિયન વિષે માહિતી આપશો. આ ક્ષેત્રમાં આગળ વધી શકાય?**
**- વિનિતા જાની, હીમતનગર**

સૌપ્રથમ તો આપને લેબ ટેક્નિશિયન ની માહિતી આપીએ તો, તબીબી ક્ષેત્ર માં એવા પણ ઘણા વિકલ્પો ઉપબ્ધ છે જેમાં આપ દર્દી ના પ્રત્યક્ષ સંપર્ક માં આવ્યા વિના એટ્લે કે રૂબરૂ મળ્યા વગર પણ એ ક્ષેત્ર માં કામ કરી શકો છો.એ અનુસંધાન માં જ એક બહુ સારો વિકલ્પ છે મેડિકલ લેબ ટેક્નિશિયન.જ્યારે એક બાજુ મોટા ભાગ ક્ષેત્ર માં નોકરી મેળવનાર ની સંખ્યા ઓછી થઈ રહી છે ત્યાં એક રિપોર્ટ પ્રમાણે આ ક્ષેત્ર માં નોકરી મેળવનાર ની સંખ્યા ૨૦૨૪ સુધી માં ૧૮% સુધી વધવાનો પણ અંદાઝ છે.જે બહુ સારી વાત છે. તબીબી લેબોરેટરી તકનીકને ક્લિનિકલ લેબોરેટરી સાયન્સ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ક્ષેત્ર મુખ્યત્વે ક્લિનિકલ પ્રયોગશાળા પરીક્ષણો દ્વારા રોગના નિદાન, સારવાર અને નિવારણથી સંબંધિત છે. અભ્યાસક્રમના ભાગરૂપે, વિદ્યાર્થીઓ પરીક્ષણોનું નિદાન કરવા શીખે છે જે રોગના નિદાન અને સારવારમાં મદદ કરે છે. આ ઉપરાંત, કોર્સ અદ્યતન સાધનોને હેન્ડલ કરવા માટે આવશ્યક કુશળતા સાથે ઉમેદવારોને સજ્જ કરે છે જેથી સચોટ પ્રયોગશાળા પરીક્ષણો કરે. મેડિકલ લેબ ટેક્નોલૉજિસ્ટ દ્વારા કરવામાં આવતી ફરજોની સંખ્યા અત્યંત માંગની સ્થિતિ બનાવે છે તબીબી પ્રયોગશાળા તકનીકીમાં કાર્ય કરવા માટે આપની પાસે સર્જનાત્મકતા, સમસ્યાનું



નિરાકરણ કૌશલ્ય, નવીનતા અને સમય સૂચકતા અને ધીરજ હોવી ખૂબ જરૂરી છે.તે ક્ષેત્રમાં બ્લડ બેંકિંગ, ક્લિનિકલ કેમિસ્ટ્રી, હેમેટોલોજી, ઇમ્યુનોલોજી, માઇક્રોબાયોલોજી, સાયટોટેકનોલોજી, યુરીન વિશ્લેષણ અને રક્ત નમૂના વગેરે જેવા ક્ષેત્રો શામેલ છે.લેબ ટેક્નિશિયન માં માસ્ટર કર્યા બાદ આપના સામે ઘણા વિકલ્પો ઉપલબ્ધ થઈ શકશે.જેમ કે સીટી સ્કેન ટેકનિશિયન, એમઆરઆઈ ટેકનિશિયન,એક્સ રે ટેક્નિશિયન, ડેન્ટલ મશીન તકનીકી, ઓપરેશન થિયેટર તકનીકી, એમઆરઆઈ તકનીકી, પેથોલોજી ટેકનોલૉજી વગેરે.એ સિવાય પણ આપ રિસર્ચ લેબ અથવા કોઈ પ્રખ્યાત હોસ્પિટલ માં પણ લેબ



ટેક્નિશિયન તરીકે આપ કામ કરી શકો છો. શુભેચ્છાઓ, એક ઉજ્જ્વળ ભવિષ્ય માટે.

**૩. મે આ વર્ષે જ ૧૨ કોમર્સ પાસ કરેલ છે. હવે હું બી.કોમ કરવાનું વિચારું છું. પણ મને આ કોર્સ વિષે કાઇ ખ્યાલ નથી.બી.કોમ કર્યા પછી હું કયા ક્ષેત્રમાં આગળ વધી શકું? માહિતી આપશો.**
**- ધ્યાન ચૌહાણ, ગાંધીનગર**

ધ્યાન, આપને જણાવવા માંગીશું કે આપના સવાલનો સ્કોપ ખૂબ બહોળો છે. બી.કોમ પછી આપની પાસે ઘણા વિકલ્પ ઉપલબ્ધ છે. અહી આપણે મુખ્ય વિકલ્પોની વાત કરીશું. બી.કોમ પછી આપની પાસે મુખ્ય ત્રણ વિકલ્પ છે. આપ બી.કોમ પછી આગળ અભ્યાસ કરી શકો છો, જોબ કરી શકો છો અથવા પોતાનો વ્યવસાય સ્થાપી શકો છો. જો આપ આગળ જોબ કરવાનું વિચારતા હોય તો આપની પાસે એમાં પણ મુખ્ય બે વિકલ્પ રહેલા છે, એ છે પ્રાઈવેટ અથવા ગવર્મેન્ટ ક્ષેત્ર માં જોબ. પ્રાઈવેટ ક્ષેત્રની વાત કરીએ તો આ ક્ષેત્રમાં આપનો ગ્રોથ સારો થઈ શકે છે જો આપ પોતાનું કામ સારી રીતે કરી શકો. જ્યારે ગવર્મેન્ટ જોબની વાત કરીએ તો આ ક્ષેત્રનો સૌથી મોટો ફાયદો છે કે આ એક ‘સિકયોર’ એટ્લે કે સુરક્ષિત ક્ષેત્ર છે એટ્લે કે આ ક્ષેત્રમાં જો આપ આપનું કામ પ્રામાણિક્તાથી કરો છો તો આપને આપની જોબ પરથી કોઈ બરખાસ્ત કરી શકતું નથી. આ કારણે મોટાભાગના વિદ્યાર્થીઓ આ ક્ષેત્ર પસંદ કરતાં હોય છે. આપ બી.કોમ પછી આગળ અભ્યાસ પણ કરી શકો છો. જેમાં આપ એમ.બી.એ, સી.એ અથવા સી.એસ અને એવા અનેક ઉપલબ્ધ કોર્સેસમાંથી કોઈ સારો કોર્ષ એક સારી કોલેજમાંથી કરી શકો છો. ત્રીજા વિકલ્પની વાત કરીએ તો એ છે એંટર્પ્રિન્યરશિપ એટ્લે કે પોતાનો બિઝનેસ ચાલુ કરવો જેમાં આપ ભારત સરકારની સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને સ્ટેન્ડ ઉપ ઈન્ડિયા જેવી સ્કીમનો પણ લાભ લઈ શકો છો. પણ આ ક્ષેત્રમાં જવું તો જ હિતાવહ છે જો આપને ખરેખર તેમાં રુચિ હોય. એન્ત્રેપ્રેનેઉર (પોતાનો વ્યવસાય) ચાલો કરવો અને તેનો સંભાળવો એ લાગે તેટલું સહેલું નથી હોતું. આમ આપ ઉપરોક્ત વિકલ્પોમાંથી કોઈ એક આપની પસંદગી અને રુચિનો વિકલ્પ પસંદ કરી આપની કારદિર્દી ઉજ્વળ બનાવી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

આપના પ્રશ્નો અને સૂઝવો અમને અહી મોકલી આપો:
ઈમેલ:questions.career corner@ mail.com
વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

## શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં હિન્દી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૮
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી મૃદુલાબેન ભરતભાઈ પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં તા-૧૪/૦૯/૨૦૨૦ ને સોમવારે હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થિની બહેનોને રાષ્ટ્રભાષા હિન્દીના ગૌરવવંતા ઈતિહાસની સમજ આપવામાં આવી હતી.

વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન શિક્ષિકાબેન સરિતાબેન ત્રિપાઠી અને પ્રજાપતિ આશાબેને ઓનલાઈન વિડીયો દ્વારા આપ્યુ હતુ. શાળાના આચાર્યા બહેન નીરૂબેન પટેલે વિદ્યાર્થિની બહેનોને હિન્દી દિવસની શુભેચ્છા આપી હતી.